# આકાશવાણી, ભુજ

## સમાચાર વાચક : જાગૃતિ વકીલ

## કોમ્પ્યુટરાઈઝડ : આશિષ શાહ

**તા. ૨૧–૦૯–૨૦૨૪** **સમય : સાંજે ૬.૨૫**

---

**દીલ્હીના નવા મુખ્યમંત્રી :**

આતિશીએ શનિવારે દિલ્હીના 17માં મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. રાજભવન ખાતે એલજી વિનય સક્સેનાએ તેમને શપથ લેવડાવ્યા હતા. શપથ બાદ આતિશી કેજરીવાલને પગે લાગ્યા. તેઓ દિલ્હીના સૌથી યુવા અને ત્રીજા મહિલા મુખ્યમંત્રી બન્યા. તેમના પહેલાં સુષ્મા સ્વરાજ અને શીલા દીક્ષિત સીએમ રહી ચૂક્યા છે.

આજે આતિશીએ દિલ્હીનાં 17મા મુખ્યમંત્રી તરીકે શપથ લીધા.આતિશી પછી સૌરભ ભારદ્વાજ. ગોપાલ રાય, કૈલાશ ગેહલોત, ઈમરાન હુસૈન અને મુકેશ અહલાવતે મંત્રી તરીકે શપથ લીધા. 43 વર્ષનાં આતિશી સીટથી ત્રણ વખત ધારાસભ્ય રહી ચૂક્યાં છે. આતિશીએ દિલ્હીના સૌથી યુવા મુખ્ય મંત્રી બનવાનો કેજરીવાલનો રેકોર્ડ પણ તોડી નાખ્યો છે. આતિષીની ઉંમર 43 વર્ષની છે.જ્યારે કેજરીવાલ 2013માં પહેલીવાર મુખ્યમંત્રી બન્યા ત્યારે 45 વર્ષના હતા.AAP ધારાસભ્યોએ 17 સપ્ટેમ્બરે કેજરીવાલના રાજીનામા બાદ મુખ્યમંત્રી તરીકે આતિશીનું નામ ફાઈનલ કર્યું હતું.આતિશીના શપથ ગ્રહણ સમારોહમાં આમ આદમી પાર્ટીના કન્વીનર અરવિંદ કેજરીવાલ, મનીષ સિસોદિયા અને પંજાબના સીએમ ભગવંત માન હાજર રહ્યા હતા.

એન.પી.

---

**મુખ્યમંત્રી : અમદાવાદ :**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં પૂજ્ય જૈનાચાર્ય અજિતયશ સૂરીશ્વરજી મહારાજની મુલાકાત લીધી તેમના 61મા જન્મદિનની શુભેચ્છા પાઠવી. લબ્ધિ પ્રશ્નગ્રંથનું મુખ્યમંત્રીએ વિમોચન કર્યું.

દુરદર્શન

---

**સ્વચ્છતા ઝુંબેશ : કચ્છ :**

માંડવી, ભચાઉ તથા અંજાર નગરપાલિકા દ્વારા " સ્વચ્છતા હી સેવા - ૨૦૨૪ " પખવાડિયા અંતર્ગત નગરપાલિકા વિસ્તારની વિવિધ શાળાઓમાં સ્વચ્છતા અંગે "નિબંધ, રંગોળી અને ચિત્ર સ્પર્ધા "નું આયોજન કરવામાં આવ્યું હતું.આ સ્પર્ધામાં નગરપાલિકા વિસ્તારની શાળાઓમાં વિદ્યાર્થીઓએ સ્વચ્છતા અંગેના વિવિધ વિષયો ઉપર પોતનિ આસપાસ સ્વચ્છતા જાળવવા અંગેનો સંદેશો આપ્યો હતો. માંડવી નગરપાલિકા આયોજિત સ્પર્ધામાં ૩૨ શાળાઓના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જ્યારે ભચાઉ સુધરાઇ દ્વારા સિતારામપુર પ્રાથમિક શાળામાં ચિત્ર સ્પર્ધા યોજાઇ હતી. અંજાર પાલિકા દ્વારા સફાઇ તથા રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

માહીતી ખાતું

---

## સેવા સેતુ : અંજાર :

રાજયના વહીવટમાં પારદર્શિતા વધે તેમજ પ્રજાની વ્યકિતલક્ષી રજુઆતોના ઉકેલની ઝડપ વધે તે માટે નગરપાલિકા કક્ષાએ વોર્ડ નં. ૧ થી ૪ ના શહેરીજનો માટે સેવા સેતુ કાર્યક્રમ ધારાસભ્ય ત્રીકમભાઈ છાંગાની વિશેષ ઉપસ્થિતિમાં અને ન.પા. ના પ્રમુખ વૈભવભાઈ કોડરાણીની અધ્યક્ષ તામાં યોજવામાં આવ્યો હતો.

આંગણવાડી વિભાગના સાવિત્રીબેન આહીર દવારા ઉપસ્થિત સૌની પોષણ શપથ લેવડાવવામાં આવ્ય હતા. શહેરમાંથી હાજર રહેલા અરજદારઓએ પોતાની રજુઆતો અંગે ૧૫૫ રજુઆતોની અરજીઓનું રજીસ્ટ્રેશન થયેલ.તે પૈકી ૧૨૪ અરજીઓનો હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો હતો .

એન.પી.

---

## વર્ક ઓર્ડર વિતરણ : અંજાર :

અંજારની તાલુકા પંચાયત કચેરીના પ્રાંગણમાં 535.79 લાખના 194 વિકાસકામોના વર્કઓર્ડર વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. અંજાર મતવિસ્તારના ધારાસભ્ય ત્રિકમભાઈ છાંગા અને તાલુકા પંચાયતના પ્રમુખ ભૂરાભાઈ છાંગા સહિતના મંચસ્થ મહાનુભાવોના હસ્તે નવ ગામના સરપંચોને વર્કઓર્ડર અપાયા હતા. વિકાસકામના પ્રકલ્પમાં નગાવલાડિયા, સંઘડ, ટપ્પર, સતાપર, લાખાપર, કોટડા, બિટ્ટા વલાડિયા, મેઘપર બોરીચી સહિતનાં ગામોનો સમાવેશ કરાયો હતો. કાર્યક્રમમાં ધારાસભ્ય શ્રી છાંગાએ પ્રાસંગિક ઉદ્બોધનમાં કહ્યું હતું કે, વર્તમાન સરકાર વિકાસકાર્યો માટે સકારાત્મક અભિગમ ધરાવતી હોઈ વિકાસકામો માટે અનેક ગ્રાન્ટો ફાળવવામાં આવે છે, જેને કારણે કચ્છના અનેક છેવાડાનાં ગામડાંઓ સુધી અનેક વિકાસનાં કાર્યો કરવામાં આવ્યાં છે. અંજાર તા.ના વિવિધ ગામડાંઓમાં પણ અનેક વિકાસનાં કાર્યો હાથ ધરવામાં આવેલ છે.

એન.પી.

---

## કચ્છના પ્રથમ મહિલા પાઈલટ :

સ્ક્વોડ્રન લીડર મોહના સિંહ ભારતીય વાયુસેનાના તેજસ ફાઇટર સ્ક્વોડ્રનનો ભાગ બનનાર ભારતની પ્રથમ મહિલા પાઇલટ બની છે. તેઓ જૂન 2016માં ભારતીય વાયુસેનામાં કમિશન કરાયેલી પ્રથમ ત્રણ મહિલા ફાઇટર પાઇલટમાં સામેલ હતાં. પાઇલટ મોહના સિંહને નલિયાસ્થિત નંબર 18 ફ્લાઈંગ બુલેટ સ્ક્વોડ્રન સોંપવામાં આવી છે. સ્ક્વોડ્રન લીડર મોહના સિંહે તાજેતરમાં પૂર્ણ થયેલી તરંગ શક્તિ બહુપક્ષીય હવાઈ યુદ્ધ કવાયતમાં ભાગ લીધો હતો. તેઓ અગાઉ રાજસ્થાનના નાલ ખાતે આવેલી નંબર 3 ફાઇટર સ્ક્વોડ્રનનો ભાગ હતાં. જ્યાં તેઓ મિગ- 21 બાઇસન ઉડાવી રહ્યા હતાં. 2022માં, સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે તેણે IAFમાં મહિલા ફાઇટર પાઇલટ્સને સામેલ કરવા માટેની પ્રાયોગિક યોજનાને કાયમી યોજનામાં રૂપાંતરિત કરવાનો નિર્ણય લીધો છે.

એન.પી.

---

## વૈદિક ગણિતમાં રાજયમાં કચ્છ :

**વિદ્યાભારતી અખિલ ભારતીય શિક્ષણ સંસ્થાન, ગુજરાત પ્રદેશ આયોજિત રાજ્ય કક્ષાના વૈદિક ગણિત પ્રશ્નમંચ અને વૈદિક મેળો સુરત ખાતે યોજાયો હતો. કચ્છ યુવક સંઘ સંચાલિત ઉમરબાઈ લાલજી એન્કરવાલા સરસ્વતી વિદ્યાસંકુલ, શિવકૃપા નગરના વિદ્યાર્થિઓ હેતાંશ કલ્પેશ વૈશ્નવ અને દેવાંશી મિતેશ પંડયાએ સમગ્ર રાજયમાં ગણિત પ્રયોગ તથા વૈદિક ગણિત પત્ર વાંચનમાં તૃતિય ક્રમાંક મેળવી વિદ્યાલયને ગૌરવ અપાવ્યું છે.**

**માહિતી ખાતું**

---

## ઈટારા પીર :

શહેરના રૂકમાવતી કાંઠા ઉપર આવેલા પીર શહેનશાહ અબ્દુલ્લાશા ઉર્ફે ઈટારા પીરના સ્થાને વાર્ષિક ઉત્સવ બેદિવસીય ધાર્મિક કાર્યક્રમો સાથે વિવિધ હરીફાઈઓથી ઊજવાયો હતો. બખ મલાખડા દરમિયાન સંચાલકે કહ્યું હતું કે , સિંધ પ્રાંત અને કચ્છની અનોખી હરીફાઈ એટલે બખ મલાખડો. જે આ જ વિસ્તારોમાં જોવા મળે છે. કાર્યક્રમના પ્રારંભે મુજાવર પરિવારના સહયોગથી બ્લડગ્રુપ , મેડિકલ કેમ્પનું આયોજન કરાયું હતું , જેમાં 300થી વધુ લોકોએ લાભ લીધો હતો , જેમાં માંડવી સરકારી હોસ્પિટલનો સ્ટાફ સહયોગી બન્યો હતો.

**જાગુતિ વકીલ**

---

---